ॐ तत्सत्परमात्मने

" માતાનો પુત્રીને સદુપદેશ. "

भर्ता देवो गुरुर्भर्ता धर्मतीर्थव्रतानि च ।
तस्मात्सर्वं परित्यज्य, पतिमेकं प्रपूजयेत् ॥ १ ॥

ભાવાર્થ—સ્ત્રીને પતિ એજ દેવ, પતિ એજ ગુરૂ, પતિ જ ધર્માચરણ કરનાર, તેમાંજ ધર્મ, તીર્થ તથા વ્રત એ બધું સમાયું છે, માટે તીર્થ વ્રત વગેરે છોડીને એક પતિનીજ સેવા કરવી.

લેખક—છોટાલાલ દ. રૂપચંદ

છપાવી પ્રસિદ્ધ કરનાર,

છોટાલાલ રૂપચંદ,

મુ. નવતાડની પોળ અમદાવાદ.

પહેલી આવૃત્તિ. સંવત ૧૯૭૨ પ્રત ૨૦૦૦.

શ્રી " રામકૃષ્ણ " પ્રીન્ટીંગ પ્રેસમાં શા. મગનલાલ
હરિવલ્લભદાસે છાપ્યું.

કિંમત રૂ. ૦-૧-૦

પ્રસ્તાવના.

પ્રિય વાચક !

આટલા નાના પુસ્તકને પ્રસ્તાવના હોય ખરી કે ! પરંતુ કાર્યને કારણ અવશ્ય હોવું જોઈએ. વર્તમાન સમયમાં બાળલગ્નનો પ્રચાર હોવાથી વૈદિક લગ્નક્રિયામાંના મંત્રાર્થને કોઇ સમજતા નથી. એટલે લગ્નની પવિત્ર વિધિમાં પરસ્પરની પ્રતિજ્ઞાઓથી દંપતી તદ્દન અજ્ઞાન રહે છે. એટલુંજ નહિ પરન્તુ કન્યાને જ્યારે ઉમ્મર લાયક થયા બાદ સાસરે વળાવે છે ત્યારે તેને તેની માતા, બ્હેનો અને બ્હેનપણીઓ તરફથી એવો અવળો ઉપદેશ મળે છે કે, જેથી તેનો ભાવી સંસાર દુઃખમય બની રહે છે. એટલે આ ખોટા ઉપદેશનું બીજ તેની હૃદય-જમીનમાં વવાય છે અને તેનું આગળ પર ઝેરી વૃક્ષ બનતાં પરિણામે ઝેરી ફળો આવે છે, ને તેથી પરસ્પર દંપતીનો સંસાર બગડે છે. તેથી આર્યબાળાઓને આ નાના પુસ્તક રૂપે બે બોલ કહેવાની મારી ઇચ્છા થઇ અને તેથી મેં આ નાનું પણ અતિ ઉપયોગી પુસ્તક કવિતા રૂપે લખેલું છે. આશા છે કે તેનો દરેક સજ્જન સદુપયોગ કરી તેનાં મીઠાં ફળ પોતાની પુત્રીઓને આપી તેમનો ભાવી સંસાર સુખમય બનાવશે. ઇતિ.

વસંતપંચમી. સં. ૧૯૬૭ | લી. છોટાલાલ રૂપદેવ
મુંબાઇ ડાહ્યા મહારાજ. | લેખક શ્રી દેશી નાટક સમાજ.

માતાનો પુત્રીને સદુપદેશ.

છંદ શાર્દૂલ.

આવ્યું આણું વિચારીને વિચરતાં, શાણી સુતા સાસરે;
માતા સદ્ય સુવસ્ત્ર ભૂષણવડે, સજ્જીત કન્યા કરે.
ભાલે કુંકુમ અક્ષતાદિ ધરીને અર્પે ફલો ઓટીમાં;
બાલા ચક્ષુથી અશ્રુ પૂર્ણ પડતાં, આર્તસ્વરે રોતી હા!! ૧

મંદાક્રાન્તા.

" માતા જાઉં " અધિક મુખથી, શબ્દ બોલી શકે ના;
માતૃ પ્રીત મૃદુ હૃદયથી, યત્ન કર્તાં છૂટે ના.
માતા તેથી અધિક રડતી, હૈયું આવ્યે ભરાઈ;
સ્નેહે બોલી, મૃદુ વચનથી, છાતી સાથે દબાવી.

શિખરિણી.

ન તું આણે વ્હાલી, રજ પણ સુતા દુઃખ મનમાં;
ન ચિંતા ધારે તું શુભ ગમન કાલે હૃદયમાં;
તને સારા મ્હૂર્તે , મમ સમીપ આણીશ ત્વરીતા,
ધરી શાન્તિ જા તું, શ્વસુર સદને શાણી દુહિતા. ૩
પુરા પુણ્યે પામી, સરલ સુશીલા સાસુ સુખદા;
નમી તેને નિત્યે, હરખિત રહે તું સરવદા.

કહી "લક્ષ્મી લક્ષ્મી," મધુર સ્વરથી સાદ કરશે;
અને માતા જેવો, તુજપર સદા પ્રેમ ધરશે. ૪
તદા તે દેવીને, નિજ જનની તુલ્યે મન ગણી;
સદા સંતોષી દે, સુખ ચરણ સેવા કરી ઘણી.
વદી વાણી વ્હાલી, વિમળ વિનવી ને રસ ભરી;
કદી તે ના કોપે, કૃતિ કર તું શ્રેષ્ઠાચરણની. ૫

શાર્દુલ

કીધું રક્ષણ લાડલી તુજ તણું, મેં જન્મ આપી તને;
તોએ જીંદગીની નકી અધિપતિ સાસુજ તું માનજે.
તારૂં જે શુભ કે અશુભ સઘળું, તે સાસુ હાથે રહ્યું;
માતા તેજ ખરી સદા જીવિતની, એ અંતરે માનવું. ૬

મંદાક્રાન્તા.

દુષ્ટા દ્વેષી કુટીલ કુમતિ, કે'વું એવું જનોનું;
મોટું ખોટું, વહુ શિરે, સાલ છે સાસુઓનું.
એવું ખોટું, સમજી મનમાં, વ્હેમ ના આણ વ્હાલી;
એકે હાથે, અતિ બળ કર્યે, વાગવાની ન તાળી. ૭

નારાચ.

સુશબ્દ બોલતાં, પ્રતિધ્વનિ ઉઠે સુશબ્દના;
કુશબ્દ બોલતાં, પ્રતિધ્વનિ કુશબ્દના થતા.
સદા મૃદુ ઉચ્ચારતાં, પ્રીતિ સહુની પામીએ;
કદી કઠોર વાણીથી, ન કોઇને દુભાવીએ. ૮

શાર્દૂલ.

લજ્જાશીલ થવું, સ્વકાર્ય કરવું સાદાઈથી વર્તવું;
વારંવાર વદી નહિ હઠ ધરી, ક્રોધી કશું માગવું.
જે જે અન્ન મળે યથા સમય તે, ખાવું ખુશીથી સદા;
પોતાના સદ્વર્તને સ્વજનને, વ્હાલાં થવું સર્વદા. ૯

મંદાક્રાન્તા.

સૌની પુંઠે શયન કરવું, ઉઠવું સર્વ પહેલાં;
શય્યા ભૂમિ આસન વસનો, પાત્ર ના લેશ મેલાં.
કામે વેળા વ્યતીત કરવી, આળસાઇ તજીને;
શીખી ગ્રંથો શયન કરવું, શ્રીહરિને ભજીને. ૧૦

શાર્દૂલ

જે જે કાર્ય કહે વડીલ ઘરનાં, તે તે ખુશીથી કરી;
સાસુ ને નણદો તણાં શિશુ તણી, સંભાળ લેવી ભલી.
સૂવા ચાહ્ય તદા સ્વબાલ સમજી, પોહડાડવાં પારણે;
ગાઈ ગીત રીઝાવવાં અગર તો, ખેલાવવાં બારણે. ૧૧
આ તો નિત્ય રડે અહિં તહિં પડે, ગંદાં ગડે ગુમડે;
આ બોલે બબડે બહુ અટપટું, ને વાંક વિના વ'ડે.
આ તેડયાં ન રહે બહુ હઠ કરે, ઝાઝી કુટેવો ધરે;
આતો પથ્થર ફેંકતાં મુજપરે, ને વસ્ત્ર ફાડે અરે. ૧૨
એવું કે'વું નહિં ને ત્રાસવું નહિં કે મારવુંએ નહિં;
કે તેને કહીને તું તાં રીસ કરી, ત્રાસે હસવું નહિં.

બોલીને અતિશે મધુર શિશુને, ઇચ્છિત તે આપવું;
પોતાના અધિકા સ્વભાવ સુશીલે, વ્હાલાં સહુને થવું.૧૩

સ્નાને શુદ્ધ કરી શરીર શિશુના, સંભાળવાં સર્વદા;
વસ્ત્રો સ્વચ્છ પવિત્ર અંગ ઉપરે, જે યોગ્ય તે અર્પવા.

જગ્યા દેહ શિશુ મલીન ત્રણ તે, સ્ત્રીનાં મહા દૂષણો;
નીરોગી શિશુઓ પવિત્ર ઘર તે, સ્ત્રીનાં ગણ્યાં ભૂષણો. ૧૪

ભુજંગ.

સવારે સુતા ગેહને સ્વચ્છ રાખી,
અને લીંપવું આંગણું પ્રેમ દાખી;
પછી રંગુલીએ લખી ચિત્ર સારાં,
મહીં પૂરવા રંગમાં રંગ ન્યારા. ૧૫

રચી હોય જો આંગણે ફૂલવાડી,
જળે સીંચી સંભાળવી તેહ દા'ડી;
વસંતે ખીલે વૃક્ષનાં ફૂલ સાર,
વીણી પુષ્પને ગુંથાવા શ્રેષ્ટ હાર. ૧૬

ઉપેન્દ્રવજ્રા.

વેણી શીરે ધારવી સુપ્રભાતે,
કુંકુમ પ્રેમે ધરવું કપાળે;
મોટો ન હોયે ટીલડી ન હોયે,
ચેષ્ટા કરે ના જન જોઇ કોયે. ૧૭

ભુજંગી.

કંઇ સ્ત્રી ઘણી કંચુકી તંગ ધારે,
ન તું તે રીતે વર્તવાને વિચારે;
સદા વર્તવું સાદી રીતે સુશીલા,
કમાવું ભલું કીર્તિનું દ્રવ્ય વે'લાં. ૧૮
વધુ લોભ ના રાખવો ભૂષણોનો,
સદા લોભ તું રાખજે સદ્ગુણોનો;
પ.તસેવના બોલવી નમ્ર વાચા,
અલંકાર સ્ત્રીના કહ્યા એજ સાચા ૧૯

સ્રગ્ધરા.

પકવાનો શાક ભાજી, રુચિકર ચટણી,
રાઈતાં ને અથાણાં;
ચિત્તે ચાતુર્ય ધારી, વિધ વિધ રચવાં,
જે કહ્યાં મિષ્ટ વાનાં.
ટોપી ને ફ્રાક ચોળી, ભરત શીવણને,
શીખવું ધ્યાન આપી;
બાલોને બોધ દેતાં પલક પણ વૃથા,
બેસવું ના કદાપિ. ૨૦
કહેવી નીતિ કથાને, શૂર નરપતિની,
રાવ રાણા વીરોની;
ખોટી વાતો ન કહેવી, ભય દુઃખકર જે,
ભૂત પ્રેતો પીરોની.

નીતિનો સાર લેવો, જળ થકી પયને,
હંસ લે જે રીતીએ;
જે જે નિઃસાર હોયે, સમજી મન વિષે,
તુર્ત દેવું ત્યજી તે. ૨૧

ભુજંગ.

સતીએ પતિને પ્રભુ તુલ્ય જાણી,
ધરી ધ્યાન ચિત્ત કીજે સેવ શાણી;
મનોલગ્ન છે નામ રૂડું વિવાહનું,
સુતા ! માનજે પાત્ર છે એ સુખાનું.

ઉપેન્દ્રવજ્રા.

સદ્બોધ જે લગ્ન સમે પતિને,
તે પ્રાણ કે જીવ ગણો સતીનો;
ભાવાર્થ તેનો મનમાં સ્મરીને,
અત્યાદરે તે હૃદયે ધરી લે. ૨૩

શાર્દૂલ.

સારા લગ્ન તણા મુહૂર્ત સમયે, ઝાઝી ઉપાધિ નડે;
વિપ્રોના બહુ મૂલ્ય મંત્ર સ્વર તે, કાને ન પૂરા પડે.
મંત્રોના સરલાર્થ સ્ત્રી પુરૂષને, ના સ્પષ્ટ કોઈ કહે;
તે હું આજ કહું સુતા તુજ કને, જાણી સુખી તું રહે. ૨૪
'સ્વામી હે' 'પ્રિય સુંદરી વરી હવે, પ્રેમે કરીને મને;
'રે'જે તું મુજ સંગ ભાગ્યવતિ હે, જ્યાં સુધી વૃદ્ધા બને.

તે માટે કર આ ઘરૂં તુજ તણો, ઉત્સાહથી અંતરે;
દેવોએ ગૃહ કાર્ય શ્રેષ્ઠ કરવા, સ્વાધીન કીધી મને. ૨૫
હે અગ્ને! વધુ પ્રેમ જેમ કરતી, માબાપ પોતા પરે;
મારાં માત પિતા પરે મન રહે, એવું કરે તું હવે.
વૃદ્ધિ પ્રેમ તણી કરી સ્વકુલની પ્રાધાન્ય તું સ્થાપજે;
ને હુંથી અનુરક્ત રે સરવદા, સદ્બુદ્ધિ તું આપજે. ૨૬

ઉપેન્દ્રવજ્રા.

ઋગ્વેદ તું હું પ્રિય સામરૂપ,
આકાશ હું તું ધરણી સ્વરૂપ;
વિપ્રાગ્નિની સન્મુખ હસ્ત ધારૂં,
નિમિં પ્રજાને સુખ ચાહું તારૂં. ૨૭
પરસ્પરે પ્રેમ સદૈવ વાધે,
ગુણે સ્વભાવે સમતા સદા રે;
પ્રપંચ ત્યાગી ધરી હર્ષ રહીએ,
સો વર્ષ આ જીવન લ્હાણ લૈએ. ૨૮

દ્રુતવિલંબિત.

દૃઢ શિલાપર તું ચહડીને પ્રિયે,
દૃઢ સદા તદવત્ પ્રિય તું થજે;
અહિત તારૂં કરે તજીને નીતિ,
કર સદા ચરણે વશ તું સતી. ૨૯
પ્રિય તું સપ્તપદી વદી ચાલતાં,
સખી બની મજ સખ્ય નિભાવતાં;

કહીશ સપ્તપદી વિધિ હું મુખે,
સ્મરણ રે' સુભગે! તુજને સુખે. ૩૦
પ્રગટતો નવ ધર્મ પદે પદે,
વધતી જેમ નદી પૂરથી મદે;
સ્મરણ રાખ સતી પ્રતિચર્ણમાં,
વસી રહી નીતિ પૂર્ણ પ્રકર્ણમાં. ૩૧

નારાચ.

સુચરણ એક ધારતાં, કહું સુવાક્ય એક હું,
વિજ્ઞાન પ્રાપ્તિમાં થજે, પ્રિયે મને સહાય તું.
સદૈવ મિત્ર ભાવ રાખી, રે' સુખી સખી બની;
જીવિતમાં તને દુભું ન, અન્ન વસ્ત્રથી કદી. ૩૨

લલિત.

ચરણ દ્વય ભરી ચાલતાં પ્રયા,
સ્વજન આપણે જીવિતનાં થયાં;
બલ પ્રતાપથી સ્વામી પોષવા,
સજ રહે સદા સ્નેહ તોષવા. ૩૩
વિચરતાં પ્રિયે ત્રિપદી ભણી,
તુજ કરે રહી વૃદ્ધિ દ્રવ્યની;
અરથ લાભમાં તું સહાય થા,
વ્યતીત જીંદગી થાય સુખમાં. ૩૪
ચરણ ચાર તું પ્રિય ધારજે,
યશ સુખો જગે મજ વધારજે;

સુજન સાક્ષીએ પંચ પાય તું,
ભર તદા સખી સ્મરણુ રાખ તું. ૩૫
સુખદ આપવા સંતતી પ્રિયે,
હિત સ્વવશનું ચાહજે હિયે;
ષટ્પદી ભણી સુમુખી ચાલતાં,
મદદનીશ થજે ઇષ્ટ પ્રાપ્તિમા. ૩૬
ઋતુ સમે શુચી સુદરી બની,
શયનમાં રહે સાથ સ્વામીની;
અવર કાલમાં સંયમી થજે,
વ્રત પળાવજે સ્વામીની કને. ૩૭
અધિક કામી થઈ કામવાસના,
ચહિશ ભોગ જે વિષય પાસના;
તવ નકામી થૈ જીંદગી જશે,
ઉભય લોકનું સૂખ નાસશે. ૩૮
ઉભય ભ્રષ્ટ તો દંપતી થશું,
અલપ કાલમાં જીવથી જશું,
હ્રુદય જો વિંધે સ્મર તણાં શરો,
કરીશ આશરો જગ પિતા તણો. ૩૯
ધરિશ શાન્તિ તુંવિકળ અંતરે,
વિમલ ચિત્તને કામ શું કરે;
ચરણુ સપ્ત તું ધારતા સતી,
જીવિતની હવે મિત્ર તું બની. ૪૦

થવું ન આપણે ઉભયમાં દુઃખી,
અરથ દાખવે સપ્ત શુભ પદી;
અધિક મંત્ર છે વેદમાં કહ્યા,
અરથ તે તણા જાણવા રહ્યા. ૪૧
તદપિ સારમાં સમજજે સતી,
નવ બને કદી હાંસી આપણી.

ભુજંગ.

સતી જે ભર્યાં આપણે પાય સાત,
ધર્યાં સાક્ષી જેમાં પ્રભુ વિશ્વનાથ:
બહુ પ્રેમથી દંપતી ધર્મ ધારી,
ગૃહસ્થાશ્રમે સુખ લેશું વધારી. ૪૨
સદા સદ્વિચારોતણું રાખો ધ્યાન,
સહુ ઉપરે દૃષ્ટિ રાખી સમાન;
મને દુઃખદાયી કરે કૃત્ય ના તું,
સદા સુખ આપી સુખી પ્રાણ થા તું. ૪૩
ઉપેન્દ્રવજ્રા—સંભાળ મારાં પશુ પક્ષીઓને,
ના દુઃખ જેથી કદી થાય કોને;
સંતુષ્ટ તેને કરતાં પ્રિયા હે,
ના તું કદી ચંચલ ચિત્ત થાએ. ૪૪
વર્તીશ જો તું ડરીને પ્રભુથી,
તો પ્રિય થાશો જનમાં સહુની:
કીર્તિ સતી તું શિરછત્ર ધારે,
પ્રસન્ન દેવો તુજને સદા રે'. ૪૫

સ્ત્રગ્ધરા.

સાસુની સાસરાની સવિનય ગુણુથી નિત્ય સેવા કીધેથી,
વ્હાલી તેને થવાથી વધુ વધુ કહીને, માન દેશે મુખેથી.
રે' જે તું શુદ્ધ ભાવે, નણંદ દિયરને, જાણીને બેન ભાઈ,
જેઠાણી જેઠ સાથે હળી મળી વસતાં, કીર્તિ લે તું કમાઈ.

ઉપેન્દ્રવજ્રા.

મારૂં પ્રિયા ભૂષણ કુળનું તું,
કલ્યાણ કે લા'ણુજ એક તું તું;
તું વંશ વિસ્તારક ઇષ્ટ દેવી,
સૌભાગ્ય દેવી પણ તુંજ તેવી. ૪૭
અધિષ્ઠ તું આ ઘર માહ્યરાની,
પ્રધાન તું છે ગૃહરાજ્યમાંની;
તું હું મળ્યાં ઉભય એક રૂપે,
પુરૂષ ને પ્રકૃતિ તત્ સ્વરૂપે. ૪૮

ભુજંગ.

પ્રાતજ્ઞા પતિ સાથ જે આ કરી તેં,
કરી રાખજે પુત્રી સરવે ખરી તે;
પતિને સુતા ! પ્રાણ તું માની લેજે,
જપી નામ સ્વામી સુખી નિત્ય રે'જે. ૪૯

શાર્દૂલ.

સેવા તું કરજે વડીલ જનની, આજ્ઞા શિરે ધારીને;
દેરાણી નણદી સ્વબેન ગણીને, રે'જે સુતા પ્યારી હે.

રાખી ચાકર નોકરો પર દયા, માતા સમી સર્વદા;
જોઇ નશ્વર વૈભવો ફૂલીશ ના, મિથ્યાભિમાને કદા.
નીતિ ધર્મતણાં સુપુસ્તક ઘણાં, તે વાંચવાં વહાલથી;
શૃંગારાત્મક નાટકો અનીતિનાં તે વાંચવાં ના કદી.
મીઠા ને મૃદુ સૂરથી કદિ કદિ, સંગીત ગાવું મુખે;
વેળા સ્વામી તણી અને નિજ તણી, તે જાય વીતી સુખે. ૫૧

વસંતતિલકા.

ઉત્પન્ન જોઇ ઘરનું પછી ખર્ચ કીજે,
ના તો શિરે અતિ ઘણું નુકશાન લીજે.
બારીક દૃષ્ટ પુરૂષો મહીં અલ્પ દીસે,
સ્ત્રીએ વિચારી મનથી બહુ ધારવી તે. ૫૨
રે' નોકરો ઘર વિષે બહુધા અનાડી,
જેની કુટેવ કરવા નિત્ય ચોરી ચાડી;
તે કારણે ભૂષણ દ્રવ્ય અલક્ષ રાખી,
ના ગુપ્ત વાત કરવી ઘરની કદાપિ. ૫૩
તેઓ ગણે ચતુર તું ઘરની ગૃહિણી,
વર્તે સુમાર્ગે તુજના ભયથી બીહીની.
રાખી હિસાબ ઘરમાં સહુ વસ્તુ પૂરી,
થા તું યથાર્થ ગૃહિણી પતિસુખ મૂલી. ૫૪
બાજાર ભાવ વધતા ઘટતા કદાપિ,
તું હાનિ લાભ સમજી ઘર વસ્તુ સાંચી;

થા તું ઉદાર ખરચી ધન યોગ્ય કાળે,
ઉડાઉ ના થઇશ નિત્ય વિના વિચારે. ૫૫

મંદાક્રાન્તા.

ટીપું ટીપું જળ મળી બની જાય કાસાર મોટું,
નાનાં કાષ્ટો મળી મળી થતું નાવ ના દીસતું શું ?
સંચી પૈસો પઈ પઇ બને રંક કુબેર મોટો,
સંસારે એ નિયમ દૃઢ તે ના બને લેશ ખોટો. ૫૬

ભુજંગ.

યથા શક્તિ સત્પાત્રને દાન કીજે,
નથી તે સમું વિશ્વમાં પુણ્ય બીજે;
દીધે દુર્બલોને મળે પુણ્ય ઝાઝું,
વળી સ્વર્ગ જાતાં મળે સાથ ભાતું. ૫૭
કુલાચારથી ચાલવું ભક્તિભાવે,
સદા ચિત્ત સ્વામી પ્રભુ ધ્યાનમાં રે’;
પતિવ્રત તું પાળજે સર્વ કાળ,
જહાં ભક્તિ ત્યાં વાસતા શ્રીદયાળ. ૫૮

શાર્દૂલ.

શાન્તિ છોડીશ ના, કરીશ રીસ ના, સ્વછંદ વર્તીશ ના,
લજ્જા ત્યાગીશ ના, વૃથા ભમીશ ના, કોઇથી યાચીશ ના;
ક્રોધે બોલીશ ના, ધરીશ હઠ ના, એકાન્ત પામીશ ના;
ક્યાંઇ જાઇશ ના, પુરૂષ પરથી, બોલીશ હાસીશ ના. ૫૯

શખિરિણી.

સ્ત્રીઓને સંસારે, સમજ પતિ તે દેવ પ્રભુ છે;
કૃપા સ્વામીનીથી, અચળ સુખ સૌભાગ્ય બધું છે.
પતિની આજ્ઞાને, અનુકૂળ થવા તત્પર રહે,
ધરી પ્રીતિ નિત્યે, પતિ પદ રજે તુ દિન વહે. ૬૦
નથી સ્ત્રીને બીજી, પતિવ્રત સમી અન્ય વિભૂતિઃ
પતિસેવાથી આ, પરભવ મળે ઉત્તમ ગતિ.
કદી એકે ચિત્ત, પતિ યુવતી સંસાર નિવહે;
તદા સ્વર્ગે ના તે, સુખ વિભવ આવી અહિં રહે. ૬૧

મંદાક્રાન્તા.

કોઈ સ્ત્રીઓ યતિ ગુરૂ કરી, ગુપ્ત મંત્રો શીખે છે,
જોશી પાસે વશીકરણની, બુટ્ટીઓ માગી લે છે.
કોઇ ભૂવા ભમૂતગરની, સેલથી સુત ઇચ્છે;
કોઇ ભોળી પતિ વશ થવા, સેવડા સાધુ પ્રીછે. ૬૨
શાણી પુત્રી નકી સમજજે, જાળ એ છે ઠગોની;
જાણી હંસો નિકટ નવ જા, ટોળી એ છે બગોની.
મત્સ્યો પેઠે પકડી ચરશે, પ્રાણીઓ દીન ભોળાં,
વિશ્વાસુને જરૂર છળશે, દંભના દુષ્ટ ગોળા. ૬૩
એવા પાસે નવ કદી ભૂલી જાય તું બે'ન બાળા;
ના તેઓના મુખ બલી પડે, જોઇને સભ્ય ચાળા,
પાખંડીનાં મલિન મનથી, પૃથ્વી આ સર્વ મેલી,
જોઉં તુને નવ કદી ભૂલી, પાપી પાસે ફસેલી. ૬૪

ભુજંગ.

પતિના પ્રસાદે બનીં પુણ્યશાળી,
સદાનંદમાં માન નિત્યે દીવાળી;
ૈરી તૃપ્ત સ્વામી દઈ મિષ્ટ અન્ન,
સદા રાખ તું સ્વામીજીને પ્રસન્ન. ૬૫

વસંતતિલકા.

જે ધારતી પતિ પરે સતી શુદ્ધ ભક્તિ,
તેને મળે જગતમાં સુખ ધામ મુક્તિ;
આથી અધિક તુજને વદવું શું બાઇ,
લેજે કુટુંબ જનમાં ભલી તું ભલાઇ. ૬૬
કોપે કદી તુજપરે, પતિ પ્રાણ ત્હારા,
તો તું સહિષ્ણુ થઇ રે', બનીં શાન્ત બાળા;
જો સ્વામીએ કદિક તું અપમાન કીધું,
તો તું સહી મનથી જાળવ માન તેનું. ૬૭
અસ્થીર દુષ્ટ મન છે અતિ દુઃખદાઈ,
તેને વિવેક રસિથી દૃઢ બાંધ બાઈ;
જે કાળે જે કંઇ મળે થઇ તૃપ્ત રે'વું,
સંતોષમાં સકળ સુખજ માની લેવું. ૬૮

માલિની.

સમય અધિક વીત્યો એશ બેટા રથે તું,
રજપણું ધરતી ના, દુઃખ આપુ મને તું;

જનનીં ચરણ કન્યા, નામીને દૂર જાતા,
વળી વળી રહી ન્યાળી, વત્સ પ્રેમાળ માતા. ૬૯
દુઃસહ વિરહ દુઃખે, રક્ત નેત્રો થયાં છે,
વિકળ સકળ ગાત્રો, શોક તાપે તપ્યાં છે;
કવણ કળી શકે આ, પ્રેમની પૂર્ણ વ્યાધિ;
સકળ જગ દુભ્યું પ્રેમ કરી ઉપાધિ. ૭૦
દૂર દૂર દુહિતા એ, દૂર ગઇ માર્ગ લાગી,
જનનીં વળી વળાવી, માની પોતે અભાગી.
નવસમ દુહિતાના, દુઃખ માતા પિતાને,
અવર અધિક કોઈ, શાસ્ત્રએ એમ માને. ૭૧

ઉપેન્દ્રવજ્રા.

પુત્રી હિતાર્થે લઘુ કાવ્ય આ તે,
રચ્યું ગણી છંદજ એક સાતે;
વાંચી વિચારી ઉઠી સુપ્રભાતે,
શિક્ષા ગ્રહો જે કહીં સર્વ માતે.

દોહરો.

સંક્ષેપે શિક્ષણ કહ્યું, પ્રભુને કરી પ્રણામ;
બાલાબોધ ધરી ચહે, આપતણું કલ્યાણ.

ઇતિશમ.

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

अभ्युत्थानमुपागते गृहपतौ तद्भाषणे नम्रता ।
तत्पादार्पितदृष्टिरासनविधिस्तस्योपचर्या स्वयम् ॥
सुप्ते तत्र शयीत तत्प्रथमतो जह्याच्च शय्यामिति ।
प्राच्यैः पुत्रि निवेदिताः कुलवधूसिद्धान्तधर्मा इमे ॥ ५ ॥

ભાવાર્થ—સ્ત્રીઓએ પતિ ઘરમાં આવે ત્યારે સામા ઉભા થવું, તેમની સાથે ભાષણ કરવામાં નમ્રતા રાખવી, તેમના ચરણમાં દૃષ્ટિ રાખી આસન આપવું, તેમની સેવામાં પોતે હાજર રહેવું, તેમના સુતા પછી સુવું અને તેમના પહેલાં ઉઠવું, એ, હે ! પુત્રી પ્રાચીન પુરુષોએ, કુલવાન સ્ત્રીઓના ધર્મના સિદ્ધાન્ત રૂપ કહ્યું છે.